**એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૦૬/૦૭/'૧૦નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :**

આજ રોજ તા.૦૬/૦૭/'૧૦નાં રોજ સવારે ૧૨:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારી આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. એસ.જી. યાદવ.<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન ,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા. | હાજર |
| ડૉ. દર્શનાબેન ધોળકિયા<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, | હાજર |
| ડૉ.બી.એસ.પટેલ,<br>પ્રોફેસર એન્ડ હેડ, શિક્ષણશાસ્ત્ર ભવન, | હાજર |
| ડૉ. તુષારભાઈ આર. હાથી<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, | હાજર |
| શ્રી મહેશભાઈ સી.આહિર.<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ. | હાજર |
| શ્રી શ્રવણસિંહ એસ. વાઘેલા.<br>ભુજ–કચ્છ. | હાજર |
| ડૉ.બી.એસ.પટેલ, મેમ્બર સેક્રેટરી<br>(આઈ.સી. કુલસચિવશ્રી, કચ્છ યુનિવર્સિટી) | હાજર |

**૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :**

**<u>ઠરાવ : ૧ :</u>** ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને સર્વાનુમતે મિનિટ્સ નોંધીને બહાલી આપવામાં આવેલ છે.

**૨. યુનિવર્સિટીનાં સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે શૈક્ષણિક તેમજ બીન શૈક્ષણિક સ્ટાફ ભરતી અન્વયે તા. ૧૮મી જુન'૨૦૧૦નાં રોજ યોજાયેલ ઓપન ઈન્ટરવ્યુ અન્વયે પસંદગી સમિતિની કાર્યવાહી સંબંધે નિર્ણય લેવા બાબત :**

યુનિવર્સિટીનાં સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે શૈક્ષણિક સ્ટાફની ભરતી અન્વયે લેકચરર અને બીન શૈક્ષણિક સ્ટાફ અન્વયે પ્રોગ્રામર, લેબ ટેકનિશીયન તથા કોમ્પ્યુટર ઓપરેટરની જગ્યાઓ ભરવા માટે ગત તા. ૧૮મી જુન'૨૦૧૦નાં રોજ ઓપન ઈન્ટરવ્યુ યોજાયેલ, ઉપસ્થિત સભ્યશ્રીઓની હાજરીમાં પસંદગી સમિતિનાં બંધ કવરો ખોલવામાં આવેલ અને પસંદગી સમિતિ દ્વારા થયેલ કાર્યવાહી અન્વયે થયેલ ભલામણોને બહાલ રાખવા ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૨ :** **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમો માટે શૈક્ષણિક સ્ટાફ –લેકચરરની અને બીન શૈક્ષણિક સ્ટાફ –પ્રોગ્રામર, લેબ ટેકનિશીયન તથા કોમ્પ્યુટર ઓપરેટરની પસંદગી માટે ગત તા.૧૮મી જુલાઈ' ૧૦નાં રોજ યોજાયેલ ઓપન ઈન્ટરવ્યુ બાબતે પસંદગી સમિતિની ભલામણો અને વિગતે ચર્ચા બાદ નીચેનાં જગ્યાઓ માટેની પસંદગી સમિતિની ભલામણો સ્વીકારવી અને પસંદિત ઉમેદવારોને અગિયાર માસનાં(૧૧) કરારનાં ધોરણે નિમણૂક આપવા અને હાજર કરવાની કાર્યવાહી કરવી.**

**Academic Post :**

**M.S.W. : Lecturer :** **1.** Shri Mukesh Prajapati .

**M.Sc.( C.A.& I.T.) : Lecturer : 1.** Shri Anil Kunvadra.

**M.B.A. : Lecturer :** **1.** Shri Rupal Desai.
**2.** Shri Amit Lakhia.
**3.** Shri Sohin Memon.
**4.** Shri Pankaj Sevak.

**Administrative Post :**

**Programmer :** **1.** Shri Zeel Bhatt.
**2.** Shri Parth Shah.

**Computer Operator :** **1.** Shri N.J. Raval.

**Leb. Technician :** **1.** Shri Jalja D Raval.
**2.** Shri Vandita Jain.
**3.** Shri Harshit Patel.

**૩. યુનિવર્સિટીની વહિવટી જગ્યાઓ અંતર્ગત ફિક્સ વેતનની નિમણૂકો સંબંધે વેતન વધારા અન્વયે બાકી રહેલ જગ્યાઓ માટે વેતન વધારા બાબત :**

યુનિવર્સિટી ખાતે હાલે ફિક્સ વેતનથી ભરાયેલ વહિવટી જગ્યાઓ પૈકી વેતન વધારા સંબંધે બાકી રહેલ જગ્યાઓ અનુસંધાને વેતન વધારો કરવા માટે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ દ્વારા નિમાયેલ સમિતિની બીજી સભા ગત તા.૧૮મી મે'૨૦૧૦નાં રોજ મળેલ તે સભામાં કરવામાં આવેલ ભલામણો બહાલ રાખવા ચર્ચા વિચારણા અંતે અંશતઃ સ્વીકારીને નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૩ :** આથી ઠરાવવામાં આવે છે કે, અન્ય ઠરાવ ન થાય ત્યાં સુધી યુનિવર્સિટી ખાતે તા.૧૬મી એપ્રિલ'૧૦નાં રોજ સુધી કાર્યરત હોય તેવા કર્મચારીઓ / અધિકારીઓ નાં વેતનમાં નીચેની વિગતે અને દરે ફિકસ માસિક વેતનમાં તા.૧લી એપ્રિલ'૦૯ થી અમલમાં આવે તે રીતેવધારો કરવામાં આવશે તથા તા.૦૧/૦૪/'૦૯ થી તા.૩૧/૦૩/'૧૦ સુધીનાં વેતન વધારાને એરિર્યસ તરીકે ગણીને સરભર કરવું આ એરિયર્સની રકમ ત્રણ–ત્રણ માસનાં અંતરે ચાર હપ્તાઓમાં ચૂકવી આપવાની રહેશે.

ફિકસ વેતન વધારાની વિગતો અને દર.

| ક્રમ | જગ્યાનું નામ. | હાલ ચૂકવાતું ફીકસ વેતન. | ફીકસ વેતન વધારો અને પેટ્રોલ/ટ્રાવેલ એલાઉન્સ (પ્રતિ માસ) |
|---|---|---|---|
| ૧. | ઓ.એસ.ડી.(ફા.) | રૂા.૧૨,૦૦૦/– | રૂા.૧૮,૦૦૦/– (૧૭,૫૦૦ + ૫૦૦ પેટ્રોલ એલાઉન્સ) |
| ૨. | ગ્રંથપાલ | રૂા.૭,૫૦૦/– | રૂા.૧૬,૫૦૦/– (૧૬,૦૦૦ + ૫૦૦ પેટ્રોલ એલાઉન્સ) |

સવિશેશ ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે કન્સલટન્ટ ઍન્જીનિયરની ફિકસ વેતનથી જગ્યા સંબંધે હાલે રૂા. ૧૫,૦૦૦/– ચૂકવવામા આવે છે તે વધારીને તા.૦૧/૦૪/'૧૦થી અમલમાં આવે તે રીતે પ્રતિ માસ રૂપિયા ૨૦,૦૦૦/– ચૂકવવાપાત્ર થશે સાથો સાથ ઍન્જીનિયરની જગ્યાને કામચાલાઉ ધોરણે મંજૂર રાખી પૂરા સમય માટે ઍન્જીનિયરની નિમણૂક કરવા કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

સ્વનિર્ભર અભ્યાસક્રમોનાં અધ્યાપકોને ચૂકવાતા ફિકસ વેતનમાં વધારાની માંગણી હાલ પૂરતી અનિર્ણત રાખવી.

મંજૂર થયેલ જગ્યાઓ પર નિમણૂક પામેલા જે કર્મચારીઓ શરત પૂર્ણ કરતાં હોય તેઓને કાયમી કરવા સરકારશ્રીને રજૂઆત કરવી.

ઠરાવ નં ૫ અને ૬ અક્ષરશઃ મંજૂર કરવામાં આવ્યા.

૪. **યુનિવર્સિટી એકટ અન્વયે યુનિવર્સિટી વહીવટ સંબંધે નિમવાની થતી જુદી–જુદી સમિતિઓની રચના ચર્ચા વિચારણા અને નિર્ણય બાબત :**

યુનિવર્સિટી એકટ અન્વયે યુનિવર્સિટીનો વહીવટ સુચારૂ રૂપે ચલાવવા માટે જુદી જુદી સમિતિઓની રચના કરવાની રહે છે તે અનુસંધાને હાલે હોસ્ટેલ સમિતિની રચના કરવામાં આવેલ, આ સમિતિએ કરેલ કાર્યવાહી અન્વયે રજૂ કરેલ અહેવાલ સંબંધે ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૪ :** આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પર શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ –૧૧થી શરૂ કરવામાં આવનાર હોસ્ટેલ માટે નિમાયેલ હોસ્ટેલ મેનેજમેન્ટ કમિટીએ રજૂ કરેલ અહેવાલ–ભલામણો અન્વયે નીચેની વિગતે ભલામણો સ્વીકારતા આગળની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

– વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ માટે હાલે ૫૦–૫૦ની પ્રવેશ ક્ષમતા રાખવી અને પ્રવેશ સંબંધે ભવનો દીઠ નોંધાયલ વિદ્યાર્થીઓની સંખ્યા તથા પ્રવેશ

ક્ષમતાનાં રેશીયા મુજબ ફાળવવી. પ્રવેશ સંબંધે અનામત કેટેગરી સંબંધે નિયત ધારા ધોરણોનું પાલન કરવુ.

– હોસ્ટેલની સગવડતા સંબંધે વિદ્યાર્થીઓ પાસેથી વસૂલ કરવા પાત્ર ફીની વિગત તથા ધોરણ નીચેની વિગતે રાખવુ.

| ક્રમ. | વસૂલ કરવા પાત્ર ફી | વસૂલવા પાત્ર ફીનાં દર –ધોરણ. |
|---|---|---|
| 1. | હોસ્ટેલ ડિપોઝીટ | Rs. 1,000/- |
| 2. | હોસ્ટેલ ફી | Rs. 600/- Per Month ( 500/- હોસ્ટેલ ફી + 100/- વીજળી ચાર્જ ) |
| 3. | હોસ્ટેલ મેસ ફી | Rs. 1,350/- Per Month |

– તાત્કાલિક ધોરણે હોસ્ટેલની શરૂઆત કરવાની હોવાથી હોસ્ટેલ મેસ માટે જે પાર્ટીઓનાં ક્વોટેશન ઉપલબ્ધ છે તે પૈકી સૌથી ઓછા દર જે પાર્ટીએ દર્શાવેલ હોય તેઓને હાલે કામગીરી ફાળવવી.

**૫. યુનિવર્સિટી સંલગ્ન શેઠ એસ.વી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,માંડવીની સ્થાનિક તપાસ સમિતિ અહેવાલ બાબત ચર્ચા વિચારણા અને નિર્ણય :**

યુનિવર્સિટી સંલગ્ન શેઠ એસ.વી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી માટે ગત બેઠકમાં થયેલ ઠરાવ ક્રમાંક :૧૨ : મુજબ નિમાવામાં આવેલ સ્થાનિક તપાસ સમિતિએ સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધેલ તે બાબતે ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૫ :** આથી ઠરાવવામાં આવે છે કે, કોલેજ દ્વારા પૂરી પાડવામાં આવેલ ફાઈલોનાં આધારે અહેવાલ આગામી બેઠકમાં રજૂ કરવો.

**૬. કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત કોલેજો ખાતે નિયત ફીની રકમથી વધુ વસૂલાયેલ રકમ પરત કરવા સંબંધે ટ્રસ્ટીને તાકીદ કરવા નિમાયેલ પેટા સમિતિ અહેવાલ બાબત ચર્ચા વિચારણા અને નિર્ણય**

કર્મનિકેતન ટ્રસ્ટ, ગાંધીધામ સંચાલિત બન્ને કોલેજો ખાતે નિયત ફીની રકમથી વધુ રકમ વસૂલ કરાયેલ જે સંબંધિતોને પરત કરવા માટે સૂચિત કર્યા બાદ થયેલ કાર્યવાહી છતાં હજુ બાકી રહેલાઓને સત્વરે ચૂકવવાપાત્ર રકમ ચૂકવવા માટે ટ્રસ્ટીને તાકીદ કરવા માટે ગત બેઠકમાં થયેલ ઠરાવ ક્રમાંક :૧૦ : મુજબ નિમેયેલ પેટા સમિતિએ કરેલ કાર્યવાહી વિગત સંબંધે ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૬ :** કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત કોલેજો ખાતે નિયત ફીની રકમથી વધુ વસૂલ કરાયેલજે સંબંધિતોને પરત કરવા સૂચિત કર્યા બાદ થયેલ કાર્યવાહી છતા હજુ પણ વિદ્યાર્થીઓની રજૂઆત યુનિવર્સિટી અને એક્ઝિક્યુટીવ કાઉન્સિલ સભ્યોને આવતી રહે છે તે બાબતે બાકી રહેલાને સત્વરે ચૂકવવાપાત્ર રકમ ચૂકવવા માટે ટ્રસ્ટીને તાકીદ કરવા માટે સંસ્થાનાં મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અરજણભાઈ કાનગડને એક્ઝિક્યુટીવ કાઉન્સિલની પેટા સમિતિ સમક્ષ બોલાવવામાં આવ્યા હતા. જેમાં શ્રી કાનગડને

સૂચના કરવામાં આવી કે, બાકી રહી ગયેલ વિદ્યાર્થીઓને ફી પરત કરવા માટે સંસ્થા દ્વારા એક જાહેરાત પ્રમુખ્તાથી પ્રસિધ્ધ અખબારોમાં આપવી અને દિન ૧૫ (પંદર)માં સમય આપીને બાકીની રકમ પરત કરવી.

૭. **યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓ પાસેથી યુનિવર્સિટીએ હાથ ધરેલ પ્રવેશ કામગીરી અંગે વસૂલ કરવાની થતી રકમ નિયત કરવા બાબત ચર્ચા વિચારણા અનેનિર્ણય :**

યુનિવર્સિટી સંલગ્ન ચાલતા વિવિધ અભ્યાસક્રમો પૈકી જે અભ્યાસક્રમો માટે વિદ્યાર્થી પ્રવેશ સંબંધી વહીવટી કાર્યવાહી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ હોય તેવી સ્વનિર્ભર કોલેજો પાસેથી સદર કામગીરી સંબંધે વસૂલ કરવાપાત્ર રકમ નિયત કરવા માટે ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૭ :** આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ચાલતા અભ્યાસક્રમો પૈકી જે અભ્યાસક્રમ માટે વિદ્યાર્થી પ્રવેશ સંબંધી વહીવટી કામગીરી યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવે છે તેવી સંસ્થાઓ પાસેથી યુનિવર્સિટીએ સદર કામગીરી સંબંધે વિદ્યાર્થી દીઠ રૂ.૧૦૦/–વસૂલવા તથા આ રકમ સંસ્થા વિદ્યાર્થીઓ પાસેથી વસૂલ કરી શકશે નહી.

૮. **અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ મુદ્દાઓ :**

(૧) **ATM ની સુવિધા ઉભી મશીન ગોઠવણી માટે જગ્યા ફાળવવા તથા તે પેટે ભાડું વસૂલ કરવા બાબત.**

**ઠરાવ : ૮ :** આથી ઠરાવવામાં આવે છે કે,યુનિવર્સિટી કેમ્પસ પર યુનિયન બેંક,ભુજ દ્વારા ATM ની સુવિધા પૂરી પાડવામાં આવશે તેવી રજૂઆત સંદર્ભે મશીન ગોઠવણી માટે કેમ્પસનાં મુખ્ય દરવાજા પાસે સિકયૂરીટી સર્વિસ માટે તેયાર કરેલ બે ઓરડા પૈકી એક ઓરડો ફાળવવો તથા તે પેટે બેંક પાસેથી યોગ્ય રકમ ભાડા પેટે પ્રતિ માસ વસૂલવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

(૨) અધ્યક્ષશ્રી માનનીય કુલપતિશ્રીએ આજની બેઠમાં યુનિવર્સિટીનાં પ્રથમ પદવીદાન સમારંભ માટે ભરતનાં પૂર્વ રાષ્ટ્રપતિ માનનીયશ્રી અબ્દૂલ કલામ આઝાદ, ગુજરાત રાજય અને યુનિવર્સિટીનાં ચાન્સેલર મહામહિમ સુ.શ્રી કમલાજી બેનીવાલ અને ગુજરાત રાજયનાં શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરા ઉપસ્થિત રહેશે તેવી રજૂઆત કરતાં ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓએ આનંદની લાગણી દર્શાવી અને શુભેચ્છા પાઠવતા જણાવેલ હતુ કે, નવી યુનિવર્સિટી માટે પ્રથમ પદવીદાન સમારંભએ ઐતિહાસિક ઘટના છે અને તે માટે એકિઝકયુટીવ કાઉન્સિલની બેઠકમાં સદર સમારંભ માટે તૈયાર કરેલ અતિથીઓની યાદી પૈકી પ્રથમ ક્રમાંક અન્વયે ડૉ.અબ્દૂલ કલામજી આ પ્રસંગે ઉપસ્થિત રહેશે તે યુનિવર્સિટીનું સૈભાગ્ય છે તથા તેની નોંધ આ સભા લે છે.

(૩) પ્રથમ પદવીદાન સમારંભ સંબંધિત કાર્યવાહી સંબંધે સમિતિ નિમવા બાબત.

ઠરાવ : ૯ : આથી ઠરાવવામાં આવે છે કે, આગામી ૨૪મી જુલાઈ'૧૦નાં રોજ યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારંભ યોજવાનુ નિયત થતાં આ મહત્વની કામગીરીમાં મદદરૂપ થવા માટે એક હાઈ પાવર કમિટીની રચના કરાઈ આ કમિટીનાં સભ્યશ્રીઓની યાદી નીચે મુજબ રહેશે.

૧. શ્રી ઝવેરી મુકેશ બાબુભાઈ. –ચેરમેનશ્રી
એક્ઝિક્યુટીવ કાઉન્સિલનાં સભ્યશ્રી,

૨. શ્રી દવે અનિરૂધ્ધ ભાઈલાલ.
એક્ઝિક્યુટીવ કાઉન્સિલનાં સભ્યશ્રી

૩. શ્રી મહેશ સી. આહિર.
એક્ઝિક્યુટીવ કાઉન્સિલનાં સભ્યશ્રી

૪. શ્રી શ્રવણસિંહ વાઘેલા
એક્ઝિક્યુટીવ કાઉન્સિલનાં સભ્યશ્રી

૫. ડૉ.બી.એસ.પટેલ.
મેમ્બર સેક્રેટ્રરી અને ઈન્ચાર્જ કુલસચિવ

(૪) અધ્યક્ષશ્રી માનનીય કુલપતિશ્રીએ આ સભા દ્વારા નિમાયેલ ફિક્સ પગાર વધારા સમિતએ હાથ ધરેલ કામગીરીની પ્રશંસા કરતા જણાવેલ હતુ કે, સદર સમિતિની ઉત્તમ કામગીરીથી કર્મચારીગણમાં ફેલાયેલ ઉત્સાહની લાગણી સ્પષ્ટ જોવા મળેલ છે ઉપરાંત તેઓ આ સમિતિનાં અધ્યક્ષશ્રી અને અન્ય સભ્યોને ધન્યવાદ પાઠવેલ છે તથા આભારની નોંધ આ સભા લે છે.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

B. S. Patel
(ડૉ. બી. એસ. પટેલ)
ઇન્ચાર્જ-કુલસચિવ
ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા
કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ